ગાંધીનગર સમાચાર

# પ્રાંતિજના ધડકણમાં માંકડાએ ૭ વ્યક્તિઓને બચકાં ભર્યા

## આખરે વન વિભાગની ટીમ દ્વારા માંકડાને પકડી પાડવામાં આવ્યું : માંકડુ પકડાઈ જતાં ગામજનોએ હાશકારો લીધો

પ્રાંતિજ, તા.૧૭

સાબરકાંઠા જિલ્લા પ્રાંતિજ તાલુકાના ધડકનમાં છેલ્લા પાંચ દિવસથી માંકડાનો આતંક જોવા મલ્યો હતો અને ઘરમાં કે બહાર ઉભેલા લોકોને બચકાં ભરતાં લોકો માં ભયની સાથે કુતુહલ પણ જોવામળ્યુ હતું ત્યારે ૭ જણને બચકાં ભરતાં સારવાર લેવી પડી હતી.



પ્રાંતિજ ના ધડકણ ગામે છેલ્લા પાંચ દિવસથી માંકડાનો આતંક વધતા ગામમાં રહેતા અલગ -અલગ વિસ્તારમાંથી ૭ ને બચકાં ભરતાં ગામમાં ભયનો માહોલ જોવા મલ્યો હતો અને ઉધમાં પણ લોકો એ માંકડુ આવ્યું નો ભંય જોવા મલ્યો હતો અને ઘરની બહાર નિકળવું મુશ્કેલ બન્યું હતું અને નવ વર્ષના બાળક સહિત મોટી ઉંમરના લોકો ને બચકાં ભરતાં લોકોમાં ભંય નો માહોલ જોવા મલ્યો હતો ત્યારે આ વાત ની જાણ વન વિભાગ ને કરવામાં આવતાં વન અધિકારી કે.પી.પટેલ ફોરેસ્ટના જી.બી.રબારી તેમણી ટીમ દ્વારા નેટની મદતથી માંકડા ને પકડી પાડવામાં આવતાં ગામજનો દ્વારા હાસકારો લીધો હતો જયારે વન વિભાગ દ્વારા આ માંકડા ને દુર જંગલમાં છોડી મુકવામાં આવશે .

# અંબાજી ખાતે તાલુકા કક્ષાનો ધ્વજવદંન કાર્યક્રમ યોજાયો

## ટી.ડી.ઓ બહેને સ્વતંત્રતાં દિવસની શુભેચ્છા આપવાં માટેનો કર્યો ઈન્કાર

અંબાજી, તા.૧૭

સમગ્ર દેશ માં ઉજવાયેલાં ૭૦ માં સ્વતંત્રતા દિવસ ની ઉજવણી રાજ્ય નાં ખુણેખુણાં સુધી કરવામાં આવી હતી. જયાં યાત્રાધામ અંબાજી ખાતે પણ દાંતા તાલુકા કક્ષા નાં સ્વતંત્રતાં દિવસ ની ઉજવણી કરાઈ હતી. જેમાં મામલતદાર જી.એસ.ડામોર એ ધ્વજ વદંન કર્યુ હતુ. યોજાયેલાં આ કાર્યક્રમમાં મામલતદાર શ્રી એ પ્રસંગોપાત ઉદબોદન કરી ને ઉપસ્થીત શાળા નાં વિધ્યાર્થીઓ સહીત નગરજનો ને અધીકારીઓ ને સ્વતંત્રાતાં દિવસ ની શુભેચ્છા પાઠવી હતી. સાથે સહીદી વહોરેલાં નેતોઓ ને પણ યાદ કર્યા હતા.જયારે ૭૦ માં સ્તંત્રતાં દિવસ ની ઉજવણી નિમિત્તે અંબાજી ની ગુજરાતી શાળા નંબર-૧ નાં વિધ્યાર્થીઓએ દેશ ભકતી સહીત ધાર્મીક સાંસ્કૃતીક કાર્યક્રમ રજુ કરી ને મંત્ર મુગ્ધ કર્યા હતા. જોકે આ પ્રસંગે ઉપસ્થીત રહેલાં દાંતા તાલુકા વિકાસ અધીકારી વસાવાં બહેનનેં સ્વતંત્રતાં દિવસ ની શુભેચ્છા માટે બે બોલ બોલવાં માટે આગ્રહ કરાયો હતો. પણ બહેને આ બાબત ને ધરાર નકારી સ્વતંત્રતાં દિવસ ની શુભેચ્છાં આપવાં સુધી નો ઈન્કાર કર્યો હતો અને કાર્યક્રમ પુર્ણ થાય તે પહેલાં જ તેઓ કાર્યક્રમ સ્થળ છોડી ને ચાલ્યાં ગયા હતા. જેને લઈ ઉપસ્થીત અન્ય લોકો માં પણ આશ્રય જનક બાબત લાગી હતી. શાળા માં યોજાયેલાં આ કાર્યક્રમ દરમીયાન અંબાજી નાં પી.આઈ ગૌસ્વામી એ પણ પોલીસ સહીત હોમગાર્ડ જવાનો ની સલામી ધ્વજ વદંન ને અપાવી હતી. આ ધ્વજ વદંન કાર્યક્રમ નિમિત્તે દાંતા મતવિસ્તાર નાં ધારાસભ્ય ખાસ ઉપસ્થીત રહ્યા હતા અને તેમને પણ સહીદી વહોરેલાં નેતાંઓ ને યાદ કર્યા હતા. એટલુજ નહીં ગુજરાતી શાળા નાં મેદાન માં પેવર બ્લોક પાથરવાં માટે કરાયેલી માંગણી ને સ્વીકારી નજીક નાં સમય માં જ મેદાન ને પોતાની ગ્રાંટ માંથી લાખ્ખો રૂપીયા ના ખર્ચે સુવ્યવસ્થીત કરાવી આપવાં ખાતરી આપી હતી.



### પ્રાંતિજના રસુલપુર પાસે ઇકોકારનું ટાંયર ફાટતાં

# ઈકોકાર પાંચ ગુલેટી ખાઈ ગઈ અને કારનો કુચડો થઈ ગયો હતો

## ઇકો કાર મુસાફરી કરી રહેલ એક મહિલાનું સારવાર મળે તે પહેલાં મોત : ચારને ઇજાઓ થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા

પ્રાંતિજ, તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના રસુલપુર પાટીયા પાસે અમદાવાદ તરફથી હિંમતનગર તરફ જતી ફુલફાસ્ટ આવતી ઈકોકાર નુ ટાંયર ફાટતાં કાર પાંચ ગુલેટી ખાતા પાંચ ને ઈજાઓ થતાં ૧૦૮ માં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં જેમાં સારવાર મળે તે પહેલાં એક મહિલા નું મોત નિપજ્યું હતું .



અમદાવાદ - હિંમતનગર નેશનલહાઈવે આઠ ઉપર આવેલ પ્રાંતિજ ના રસુલપુર પાસે અમદાવાદ થી હિંમતનગર તરફ મુસાફરો ભરીને જઈ રહેલ ઈકોકાર નંબર - GJ09 BC 6916 નું પાછળ નું ટાંયર ફાટતાં કાર ચાર થી પાંચ ગુલેટીખાઈ જતાં ઈકો કારમાં સવાર ઙ્રાઈવર સહિત અન્ય ચાર ને ઈજાઓ થતાં ૧૦૮ મારફતે દ્રારવર ને પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર પ્રાંતિજ અને ચારને હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતાં જયાં સારવાર મળે તે પહેલાં મહિલા નું મોત નિપજ્યુ હતું . .જયારે દ્રારાવરને પણ માથાના ભાંગે તથા કમરના ભાગે ઈજાઓ થતાં તેણે પણ વધું સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતો .જયારે મુસાફરો ને ઝાડીઓમાં ઘેટા બંકરા ની જેમ કમાવાની લ્હાયમાં મુસાફરો ને ઠોસી -ઠોસી ને ભરવામાં આવેછે ત્યારે જેની જવાબદારી છે તંત્ર માત્ર હપ્તા ની લ્હાયમાં લાહ પરવાહી જણાઈ આવેછે .

# વિજયનગરના પુસ્તકાલયમાં ચિલ્ડ્રન કોર્નરનું ઉદ્દઘાટન કરાયું




ભિલોડા,તા.૧૭

વિજયનગર સરકારી તાલુકા પુસ્તકાલયમાં ચિલ્ડ્રન કોર્નરનો શુભારંભ અને ઉદ્દ્ઘાટન સમારંભ યોજાયો હતો. વિજયનગર સરકારી તાલુકા પુસ્તકાયમાં ચિલ્ડ્રન કોર્નરનું ઉદ્ઘાટન કૌશીકભાઈ શાહ ગંથ્રાલય નિયામક ગાંધીનગર, ડાૅ. પંકજભાઈ ગૌસ્વામી મદદનીશ ગંથ્રાલય નિયામક ગાંધીનગરના વરદ્ હસ્તે શુભારંભ અને ઉદ્ઘાટન કરાયું હતું. વિજયનગર સરકારી તાલુકા પુસ્તકાલય મદદનીશ ગ્રંથપાલ વિષ્ણુંભાઈ એચ. વ્યાસ, અગ્રણી આગેવાનો, ગ્રામજનો અને વિદ્યાર્થી બાળકો ઉપસ્થિત રહ્યા હતા.વિજયનગર સરકારી તાલુકા પુસ્તકાલયમાં કેન્દ્ર સરકાર હસ્તકની રાજા રામમોહન રાય લાઈબ્રેરી ફાઉન્ડેશન કોલકત્તાની રૂા.૨,૦૦,૦૦૦ ની આર્થિક સહાયથી વિદ્યાર્થી બાળકો માટે ચિલ્ડ્રન કોર્નર શુભારંભ કરાયો છે.

ચિલ્ડ્રન કોર્નરમાં વિદ્યાર્થી બાળકોના શૈક્ષણિક,બૌદ્ધિક રમકડા, કોમ્પ્યુટર સેટ, બાળ સાહિત્યના પુસ્તકો, બાળકોના સાહિત્યના પુસ્તકો, ફર્નિચર ખરીદવામાં આવેલ છે. વિજયનગર તાલુકામાં આનંદની લાગણી પ્રસરી છે.

# હિંમતનગરમાં ધોળા દિવસે હરસિધ્ધ સોસાયટીમાં ૪૪૭૦૦ મત્તાની ચોરી

હિંમતનગર, તા.૧૭

સાબરકાંઠા જીલ્લાના હિમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ ગાયત્રી મંદિર રોડ પરની હરસિધ્ધ સોસાયટીના બંધ મકાન નં.સી/૬માં મંગળવારે ધોળે દહાડે અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી રૂા.૪૪૭૦૦ની મત્તાની ચોરી કરી લઈ જતા તે અંગે મકાન માલિકે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ હરસિધ્ધ સોસાયટીમાં રહેતા દિલીપભાઈ ડાહ્યાલાલ મહેતાના બંધ મકાનમાં મંગળવારે અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી તિજોરીમાં મુકેલ નયનાબેનનું મંગલસૂત્ર, ચાંદીની લગડી, સોનાનો સિક્કો, બુટ્ટી, ચાંદીનો સેટ તથા પાકીટમાં રખાયેલ રૂા.૩૯૦૦ રોકડ તથા કેટલાક અગત્યના કાગળો મળી રૂા.૪૪૭૦૦ની મત્તાની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગે દિલીપભાઈ મહેતાએ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.



૭૦ મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમીત્તે વાત્રકગઢગામ પ્રા.શા. ના આંગણે લીઓ કલબ – બાયડ ના પ્રમુખ શ્રી ચિરાગભાઈ પરમાર ના વરદ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું. જેમાં સાથે લીઓ ઉપ પ્રમુખ અને મારા પરમ સ્નેહી એવા રાજેશભાઈ સોની , પૂર્વ લાયન્સ પ્રમુખ દેવચંદભાઈ , લીઓ ડાયરેક્ટર ઋગવેદકુમાર અને લીઓ પૂર્વ પ્રમુખ પંકજ પરમાર હાજર રહેલ હતા. ગ્રામ જનો પણ ખુબજ મોટી સંખ્યામાં ઉપસ્થીત રહ્યા હતા. અમારા શાળાની બાળાઓએ પોતાની જાતે જ સ્વાગત ગીત અને ત્રણ દેશભક્તી ડાન્સ તૈયાર કરેલ હતા. પ્રથમ સ્વાગત ગીત જોઈ લીઓ ઉપ પ્રમુખ રાજેશભાઈ સોની ખુબજ ખુશ થઈ ગયા હતા અને તેમણે ૫૦૧ રૂપિયા બાળાઓને ઈનામ આપેલ હતું. ત્યાર બાદ દેશ રંગીલા રંગીલા ડાન્સ નિહાળીને પણ તેના બાદ તેઓશ્રીએ આવનાર સપ્તાહમાં શાળાને તીથી ભોજન જાહેર કરેલ હતું.

# હિંમતનગરની મદ્રેસા હાઈસ્કૂલમાં ધ્વજવંદન

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે મદ્રેસા હાઈસ્કૂલમાં ૧૫મી ઓગષ્ટના રોજ સ્વાતંત્ર્યદિન નિમિત્તો એમ.એમ.આઈ. ટ્રસ્ટના પ્રમુખ ગુલામમોહયુદ્દીન એ. હરસોલીયાના વરદહસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. મહેમાનોનું સ્વાગત શાળાના આચાર્ય ઝેડ. વી. મુતવલ્લીએ કરેલ, ધ્વજવંદન પછી એસ.એસ.સી., એચ.એસ.સી. બોર્ડની પરીક્ષાના તેજસ્વી તારલાઓને ઈનામ આપી સન્માનવામાં આવેલા તથા ઉત્તર ગુજરાત શાળા સંઘ, કુકરવાડામાં પ્રથમ નંબરે આવેલ શાળાની વિદ્યાર્થીની ઈડરીયા રવૈદાખાતુન મો. રફીક વિજ્ઞાન પ્રવાહ ધો. ૧૨નું સન્માન કરવામાં આવેલ તથા શાળાના આ.શિ. નાજનીનબેન ડોઈ અને મેહજબીન વાંસીવાલાના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક પ્રોગ્રામ રજુ કરવામાં આવેલા. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન મોટી સંખ્યામાં વાલીઓ, વિદ્યાર્થીઓ, વોર્ડના કોર્પોરેટરો હાજર રહ્યા હતા.

### સલાટપુરની સીમમાં બાઇક ઝાડ સાથે ટકરાતા એકનું મોત

હિંમતનગર, તા.૧૭

સાબરકાંઠા જીલ્લાના તલોદ તાલુકાના સલાટપુર ગામની સીમમાંથી ગત તા.૧૫મી ઓગષ્ટના રોજ પસાર થઈ રહેલ બાઈક નં.જીજે. ૦૯. સીઆર. ૩૩૯૬ના ચાલક ધર્મેન્દ્રસિંહ કનકસિંહ ઝાલાએ (રહે. મોવતાજીના મુવાડા) ગફલત ભરી રીતે બાઈક ચલાવી તેના પરથી કાબુ ગુમાવી દઈ બાવળના ઝાડ સાથે અથડાવી દીધુ હતું. જેથી બાઈક પાછળ બેઠેલ કિરપાલસિંહને ગંભીર ઈજા થતાં તેમનું ઘટના સ્થળે મોત નિપજયુ હતું. જે અંગે ગજબસિંહ લાલસિંહ ઝાલાએ ધર્મેન્દ્રસિંહ ઝાલા વિરૂધ્ધ મંગળવારે તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### ચીખલીની કન્યા સાક્ષરતા નિવાસી શાળામાંથી સોલાર બેટરી ચોરાઈ

હિંમતનગર, તા.૧૭

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ચીખલી ખાતે આવેલ કન્યા સાક્ષરતા નિવાસી શાળામાંથી તા.૧૧ ઓગષ્ટના રોજ અજાણ્યા શખ્સો કંપાઉન્ડમાં રખાયેલ સોલાર લાઈટની બેટરી તથા પ્લેટ અને એક લાઈટનો સેટ મળી રૂા.૧૨ હજારની મત્તા ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે સરસ્વતીબેન કોદરભાઈ પ્રજાપતિએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ શુક્રવારે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### ઈસરી નજીક બે બાઈક અથડાતા એકનું મોત

મેઘરજ તાલુકાના ઈસરી ગામ નજીક મંગળવારના રોજ સવારે સામસામે બે બાઈકો ટકરાતા એક ઈસમને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ઈસરી હોસ્પિટલે લવાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા સમગ્ર પંથકમાં શોકની લાગણી પ્રસરી હતી.

ઈસરી સરકારી દવાખાનાથી આગળ પુજાપુર જતા રોડ ઉપર સવારે પ્રિયદર્શી રજનીકાન્તભાઈ ઉ.વ. આસરે ૩૫ રહે. ગેડ પોતાનું ડીસ્કવર બાઈક નં. જીજે.૧.એન. સી.૬૫૩૭ નંબરવાળુ બાઈક લઈ ઈસરીથી પુજાપુર રોડ તરફ જઈ રહ્યા હતા. તે સમયે સામેથી અજાણ્યા બાઈક ચાલકે પોતાનું બજાજ પ્લેટીના જી.જે.૩૧.સી.૨૦૦૪વાળુ બાઈક લઈ પુરઝડપે, બેદરકારીથી આવી રહ્યો હતો. ત્યારે રજનીકાન્તની બાઈકને ટકરાતા રજનીકાન્ત પોતાની બાઈક સાથે ગંભીર રીતે પટકાયો હતો. જ્યારે અજાણ્યો પ્લેટીના બાઈક સવાર પોતાની બાઈક ઘટનાસ્થળે મુકી ફરાર થઈ ગયો હતો.

# સદભાવના ગ્રુપ પાલનપુરનું પાટણમાં સન્માન કરવામાં આવ્યું



પાલનપુર, તા.૧૭

આજ રોજ પાટણ પીકે કોટાવાલા કોલેજ મુકામે પાટણ જીલ્લા પોલીશ અને પાટણ જીલ્લા આરટીઓ વિભાગ ના સહયોગ થી સદભાવન ગ્રુપ દ્વારા આયોજીત વિદ્યાર્થી ડ્રાઈવિંગ લાઈસન્સ કેમ્પમાં પાસ થયેલ બહેનો માટે ડ્રાઈવિંગ લાઈસન્સ વિતરણ નો કાર્યક્રમ રાખેલ.સરળતાથી ડ્રાઈવિંગ લાઈસન્સ પ્રાપ્ત કરતા પાટણ પીકે કોટાવાલા આર્ટસ,કોમર્સ અને સાયન્સ ની ૩૩૦ બહેનોએ આજ રોજ ભારતીય સન્સ્કૃતિ મુજબ આર.ટી. ઓ. અધિકારીઓ,સદભાવના ગ્રુપ અને પોલીસના અધિકારીઓ જોડે રક્ષા-બંધન પર્વ ની ઉજવણી કરેલ.વિદ્યાર્થીઓને સરળતાથી ડ્રાઈવિંગ લાઈસન્સ અપાવવા બદલ સદભાવના ગ્રુપ પાલનપુરનું હરેશ ચૌધરી અને સાગર જાની અને જગદીશ કોરોટ ને પાટણ પીકે કોટાવાલા કોલેજ ના આચાર્ય,જીલ્લા પોલસ વડા શ્રી અશ્વિન ચૌહાણ,કોલેજનો તમામ સ્ટાફ તથા ડીવાયએસપી શ્રી વાળાએ સન્માનપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આજ રોજ આ કાર્યક્રમમાં જીલ્લા પોલીસ અધિક્ષક સાહેબ શ્રી અશ્વિન ચોહાણ,સદભાવના ગ્રુપ ના ચેરમેન હરેશ ચૌધરી,ડીવાયએસપી શ્રી વાળા સાહેબ,આરટીઓ અધિકારી શ્રી આર એચ પટેલ.જીલ્લા ટ્રાફિક પીએસાઈ શ્રી આચાર્ય,કોલેજના પ્રીસ્નીપાલ શ્રી લલિતભાઈ પટેલ તથા તમામ સ્ટાફ ગણ હાજર રહેલ.




હિંમતનગરમાં બહેનો વિવિધ ક્ષેત્રે પ્રગતિ કરી સ્વનિર્ભર બને અને પોતાનામાં રહેલી સુષુપ્ત શકિતઓને ઉજાગર કરે તે આશયથી સ્થપાયેલ ભગિની સમાજ હિંમતનગરનો તાજેતરમાં ૬૪ મો સ્થાપના દિન ઉજવાયો હતો. જે પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ નિલાબેન પટેલ, રાજશ્રીબેન પટેલ ઉપસ્થિત રહી બહેનોને વિવિધ પ્રવૃતિઓ અંગે જાણકારી આપી હતી. આ પ્રસંગે સલાડ ડેકોરેશન કાર્યક્રમનું પણ મયુર શાહે આયોજન કર્યુ હતું.

# પ્રાંતિજ ખાતે જિલ્લાકક્ષાનો ૭૦મો સ્વાતંત્ર્ય પર્વ ઉજવાયો



પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતેની અવર ઓન હાઈસ્કૂલના મેદાનમાં જિલ્લાકક્ષાનો ૭૦મો સ્વાતંત્ર્ય પર્વએ પોલીસકર્મી પંકજસિંહ ચૌહાણે બાઈક પર તિરંગાને સલામી આપી દિલધડક કૌતુક રજુ કર્યા હતા.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતેની અવર ઓન હાઈસ્કૂલના મેદાનમાં જિલ્લાકક્ષાનો ૭૦મા સ્વાતંત્ર્ય પર્વએ જિલ્લામાં વિશિષ્ટ કામગીરી બદલ સંસદીય સચિવ બાબુભાઈ પટેલે ડીવાયએસપી- એ.ડી. વાસ્તવ, એલસીબી પીઆઈ એસ.ડી. પટેલ, એલસીબી પીએસઆઈ ડી.ડી. પરમાર, એએસઆઈ નવીનભાઈ જોષીયારા, પોલીસકર્મી વિજયભાઈ પટેલનું સન્માનપત્ર આપી સન્માન કરાયું હતું. આ પ્રસંગે જિલ્લા પોલીસ વડા પ્રવીણ માલ, જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપ, સાંસદ દીપસિંહ રાઠોડ, પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, પૂર્વ કાયદા મંત્રી વી.ડી. ઝાલા સહીત અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસાના કુડોલ નજીકથી રાજસ્થાની યુવાનનો મૃતદેહ મળતા તર્કવિતર્ક

મોડાસા, તા.૧૭

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના કુડોલ ગામની સીમમાંથી સોમવારે ૨૫ વર્ષીય રાજસ્થાની યુવાનનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી હતી. કુડોલ ગામના મુકેશભાઈ દયારાભાઈ પટેલના ખેતરમાં એક અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવતા ગામલોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

આ ઘટનાની જાણ મોડાસા રૂરલ પોલીસે કરતા પી.એસ.આઈ. આર.ડી. સગર તેમની ટીમ સાથે તાબડતોડ કુડોલ ગામે પહોંચી મૃતક યુવાનનો મૃતદેહ પેનલ પી.એમ. અને વીડીયોગ્રાફી સાથે પી.એમ. કરાવ્યુ હતુ. આ મૃતક યુવાન રાજસ્થાનના બીંછીવાડા તાલુકાના આમજરા ગામનો પ્રદીપભાઈ



જીવાભાઈ નીનામા (ઉં.વ. ૨૫) હોવાનું જાણવા મળ્યુ હતુ. મૃતક યુવાનના પરિવારજનોને આ ઘટનાની જાણ થતા તાબડતોડ મોડાસા રૂરલ પોલીસે દોડી આવ્યા હતા અને મૃતક યુવાન ડ્રાયવીંગ કરતો હોવાનું જણાવ્યું હતું. કુડોલ ગામેથી મૃતક યુવાનનો મૃતદેહ મળી આવતા કુડોલ ગામના લોકોમાં તરેહ તરેહની ચર્ચાઓ જાગી હતી. મૃતક યુવાનનું કોઈએ કાસળ કાઢી નાખ્યુ કે પછી આત્મહત્યા કરી કે પછી અજાણતા ખેતરમાંથી પસાર થતા વીજપ્રવાહને અડકી જતા કરંટથી મૃત્યુ નીપજ્યુ.